**શ્રી એચ.એ. શાહ, ન્યાયાધીશ, કામદાર રાજય વીમા અદાલત,**
**અમદાવાદ સમક્ષ.**

**ઈ.એસ.આઈ. અરજી નં.૮૬/૨૦૨૫**

**અરજદાર :** **ઓમ એનર્કોન પ્રા. લી.**
યુ.આઈ.–૧૫, ૧૬, ૧૭, અર્જુન ટાવર,
શિવરંજની ચાર રસ્તા, મયુરી ટાવર પાસે,
દિપકલા જંકશન સામે,
સેટેલાઈટ, અમદાવાદ.

વિરૂધ્ધ

**રીસ્પોડન્ટ :** **મે. રિઝીયોનલ ડાયરેકટરશ્રી,**
કામદાર રાજય વીમા નિગમ,
પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

**હાજર રહયા:** અરજદાર તરફે વિ.વ.શ્રી એ.કે.ચાવડા
સામાવાળા તરફે વિ.વ.શ્રી ટી.આર.મકવાણા

**બાબત:– આંક–ર હેઠળ આખરી હુકમ**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો–૧૯૪૮ ( કે જેનો હવે પછી ટૂંકમાં ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે ) ની કલમ–૭૫ મુજબ આંક–ર થી મનાઈ હુકમ મેળવવા માટેની અરજી સાથે એવી દાદ માંગેલ છે કે, અરજદાર ઉપરોકત સરનામે સંસ્થા ધરાવે છે અને સંસ્થાને લાગુ પડતા તમામ કાયદાઓની જોગવાઈઓનું નિયમિતપણે પાલન કરેલ છે. સામાવાળા તરફથી તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કલમ–૪૫(એ) નીચે હુકમ કરવામાં આવેલ છે જે ગેરવાજબી અને ગેરકાયદેસર હોવાથી તેઓએ આંક–૧ ની મુળ અરજી ફાઈલ કરેલ છે. પરંતુ મુળ અરજી ચાલતા સમય લાગે તેમ છે અને તે દરમિયાન સામાવાળા અમારી પાસેથી સદરહુ રકમની વસુલાત કરી શકે તેમ છે. જો સામાવાળા તેમ કરે કે તેમ કરવામાં

સફળ થાય તો અમારી આ અરજી કર્યા ના કર્યા બરાબર થઇ જાય. કારણ કે સામાવાળાએ જણાવેલ રકમ ભરવાની અમારી કોઇ જવાબદારી બનતી નથી. આ સંજોગોમાં અમારી મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી વચગાળાનો મનાઇ હુકમ આપવા રજૂઆત કરેલી છે. વધૂમાં જણાવેલ છે કે, માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવો ન્યાયના હિતમાં જરૂરી છે, કારણ કે, અમોએ ઉપર જણાવ્યા પ્રમાણે જે તે સમયની અમારે આ રકમ ભરવાની થતી નથી. તેના કારણો મુળ અરજીમાં અમોએ જણાવેલા છે. આમ, અમારો કેસ પ્રાઇમાફેસી ખૂબજ મજબુત છે તેમજ મનાઇ હુકમ આપવામાં આવે તો સામાવાળાને કોઇ નુકસાન થવાનું નથી. કારણ કે, જો તેઓ તેમના કેસમાં સફળ થશે તો તેઓ કોન્ટ્રીબ્યુશનની રકમ મેળવવા કાર્યવાહી કરી શકે તેમ છે. પરંતુ જો મનાઇ હુકમ આપવામાં ન આવે તો અમોને પૈસાથી ભરપાઇ ન થઇ શકે તેવુ નુકસાન થાય તેમ છે. કારણ કે, અમારી જવાબદારી ન બનતી હોવા છતાં માત્ર સામાવાળાની ખોટી ગણતરીના કારણે અમારી ઉપર બિનજરૂરી નાણાંકીય જવાબદારી આવી પડેલ છે અને વધુ જવાબદારી આવી પડે તેમ છે તેમજ અમારી ધરપકડ થાય તો અમારી શાખ અને પ્રતિષ્ઠાને પણ અસર પહોંચે તેમ છે. આમ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમારી તરફેણમાં છે તેથી અમારી મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સામાવાળા તા.૧૦/૦૪/૨૦૨૫ ના કલમ-૪૫(એ) ના હુકમ મુજબ રૂા.૩,૯૭,૦૨૬/- ની અમારી પાસેથી વસુલાત કરે કરાવે નહી કે ધરપકડ કરે કરાવે નહી તેવો મનાઇ હુકમ આપવાની દાદ માંગેલ છે.

૨. સાંભળ્યા. આ કામે અરજદારના વિ.વ.શ્રીએ હાલની આ આંક-૨ ની અરજી અન્વયે એવી રજૂઆત કરેલ છે કે, તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કલમ-૪૫(એ) નીચે હુકમ કરી હુકમમાં જણાવેલ ફાળા પેટે માંગણી કરેલ રકમ રૂા.૩,૯૭,૦૨૬/- ના ૫૦% રકમ રૂા.૧,૯૮,૦૨૦/- જમા કરાવ્યા અંગેની આંક-૮ ની પુરશીશ આપેલ છે અને રકમ જમા કરાવી દીધેલ છે. તેની સાથે ઓનલાઇન ચલણ સ્ટેટસની પ્રિન્ટઆઉટ રજુ કરેલી છે. તેથી તેમના કેસનો

આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કુલ રકમના ૫૦% રકમ ભરી દીધેલી હોય આગળની કાર્યવાહી કરવા સામે અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મનાઇ હુકમની માંગણી કરેલી છે.

૩. અરજી તથા તમામ દસ્તાવેજો ધ્યાને લીધા. ઇ.એસ.આઇ. તરફે વિ.વ.શ્રીએ કાયદેસર કાર્યવાહી કરી ફાળાની રકમ ગણતરી કરી વસુલાત કરેલી છે તેવી રજૂઆત કરી આંક-૧૦ થી તેમનો લેખિત જવાબ રજૂ કરી આંક-૧૧ થી દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ રજૂ કરેલું છે. અરજદાર તરફે આંક-૪ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ કરેલ છે તે તમામ ધ્યાને લીધા. તે તમામ હકીકત ધ્યાને લીધી. આ દાવામાં ૪૫(એ) નો હુકમ જોવામાં આવે તો તેમાં રૂા.૩,૯૭,૦૨૬/- ફાળો ચુકવવાનો હુકમ પસાર કરેલ હતો જે ગેરકાયદેસર ઠરાવવા મુળ અરજી કરેલી છે. અગાઉ મારા પ્રિડિસીસરશ્રીએ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ આંક-૨ નીચે હુકમ કરી સામાવાળા કોપેરિશન તા.૧૦/૪/૨૦૨૫ ના રોજ ઇ.એસ.આઇ. એકટની કલમ-૪૫(એ) મુજબ હુકમમાં જણાવેલ ફાળા પેટે માંગણી કરેલ રકમ રૂા.૩,૯૭,૦૨૬/- ની ૫૦%(રાઉન્ડ ફીગર) રકમ રૂા.૧,૯૮,૦૨૦/- હુકમની તારીખથી દિન-૩૦ માં સામાવાળા કોપેરિશન સમક્ષ અથવા અત્રેની કોર્ટ સમક્ષ જમા કરાવ્યેથી અને રકમ જમા કરાવ્યાનો આધાર હવે પછીની સુનાવણીની તારીખે રજુ કરવાની શરતે આંક-૨ ની અરજીના પેરા-૫ માં જણાવ્યા અનુસાર ઇ.એસ.આઇ. એકટની કલમ-૪૫(એ) માં જણાવેલ રકમના અનુસંધાનમાં આગળની કોઇ જ કાર્યવાહી કરે-કરાવે નહી તેવો વચગાળાનો મનાઇ હુકમ કરેલો છે.

૪. હવે મુળ અરજીની તકરારો ધ્યાને લેતાં કુલ ફાળાની વસુલાતની રકમની ૫૦% રકમ જમા કરાવવામાં આવતા ઇ.એસ.આઇ. એકટની કલમ-૭૫ મુજબ અરજી ચાલવા પાત્ર થાય છે. કુલ રકમ પૈકી રૂા.૧,૯૮,૦૨૦/- અરજદારે જમા કરાવી દીધેલા છે તેવી રજૂઆત ધ્યાને લેતાં તેમજ અરજીનો આખરી હુકમ થતાં વધુ સમય લાગે અને પુરાવાઓ વિગેરે રજૂ કરી પુરવાર કરતાં તેને લાંબો સમય લાગે તેમ

હોય જો આંક–૨ નો હુકમ જે આગળ વચગાળાનો કરવામાં આવેલ છે તે કાયમી કરવામાં આવે તો કોઈ પક્ષકારોને પ્રિજયુડાઈસ થાય તેમ નથી. અરજદારનો પ્રથમદર્શનીય કેસ છે તથા સગવડતા–અગવડતા અરજદારની તરફેણમાં જણાઈ આવે છે તથા જરૂરી ભરવાપાત્ર રકમ ભરાઈ ગયેલ હોય આ તબકકે આંક–૨ નો હુકમ જો કાયમી કરવામાં આવે તો કોઈ પક્ષકારોને નુકસાન થાય તેમ નથી. તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આંક–૨ હેઠળ આખરી હુકમ

**૧.** સામાવાળા ઈ.એસ.આઈ. કોર્પોરેશન આ અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કલમ–૪૫(એ) હેઠળ તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ હુકમની રકમની વસુલાત આ મુળ ઈ.એસ.આઈ. અરજી નં.૮૬/૨૦૨૫ નો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વસુલાતની કાર્યવાહી આ કલમ–૪૫(એ) ના કરેલા હુકમ પુરતી કરવી નહી.

હુકમ આજરોજ તા.૧૩, માહે. ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩/૦૨/૨૦૨૬

**(એચ. એ. શાહ)**
ન્યાયાધીશ
કામદાર રાજય વીમા અદાલત
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૫૫૦